સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

આવી ન પાકટતા હજી કાંખમાં રહે છે,
શક્તિ ન ઉડવાની હજી પાંખમાં રહે છે.
ધાકમાં રહે છે હજી મમ્મીની આંગળીએ -
થોડી બહાદુરી કરી એમાં આંખ મારે છે !!

હાઈકુ

મળે જો છૂટ
તો સ્વછંદી બાળક
ચઢે તોફાને...

'અવિશ્વાસ,' પર
બહુમત શીલાની
પડી ભેખડ...

ચિંતન

ઈદાનીં તત્ફલં ભુગ્જે ગર્ભદુઃખં મહત્તરમ્ । અશાશ્વતે શાશ્વતવદ્દેહે તૃષ્ણાસમન્વિતઃ અકાર્યાણયેવ કૃતવાન્ન કૃતં હિતમાત્મનઃ । ઈત્યેવં બહુધા દુઃખમનુભૂય સ્વકર્મતઃ ॥

ઉપરોક્ત શ્લોક કિષ્કિન્ધાંકાંડમાંથી લેવામાં આવેલ છે.

હવે તેના ફળસ્વરુપ આ અતિમહાન ગર્ભ દુઃખ ભોગવી રહ્યો છું અને આ નશ્વર દેહને નિત્ય જેવો સમજીને તેની તૃષ્ણામાં ફસાયેલો છું, હું સદા અકાર્ય કર્મ જ કરતો રહ્યો, કોઈ વાર પોતાના હિતનું સાધન ન કર્યું, તેથી પોતાના કર્માનુસાર હું આ રીતે ઘણા દુઃખ ભોગવતો રહ્યો.

વાલ્મિકી રામાયણમાં સુગ્રીવજી સાથે શ્રીરામનો સંવાદ ચાલે છે એમાં આ વાત છે :

માનવી વાસના અને ભૌતિક સુખો ન કરવામાં કામ (કર્મો) કરે છે પછી ફળ સ્વરૂપ જન્મો લઈ ગર્ભપીડા અને કર્મફળ ભોગવે છે.

વિવેકપૂર્ણ વિચારી આત્માનો મોક્ષ ઉદ્ધાર થાય એવા પુણ્યબળ પ્રાપ્ત થાય એવાં ભક્તિ - સત્સંગ કરવાં જોઈએ.

સુવિચાર

- બિન ધાગે કી સુઈ સી બન ગઈ હૈ યે જિંદગી, સીલતી કુછ નહીં, બસ ચુભતી હી ચલી જા રહી હૈ - **રાહત ઈન્દોરી**
- વિજ્ઞાને આપેલી બધી જ સુવિધાઓ ત્યજી દીધા પછી જ વિજ્ઞાનને તુચ્છકારવાનો હક્ક ઊભો થાય છે - **કાંતિ ભટ્ટ**
- જે ઘટના કે વ્યક્તિ આપણા માટે મહત્ત્વના હોય એમને 'જતા' કરાય અને મહત્ત્વના હોય એમને માટે 'જતું કરાય' - **વજુ કોટક**
- 'સ્પર્શ' એ બીજું કાંઈ નથી પણ મૌનની ગહનતમ ભાષાનો સરળ અનુવાદ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઈના સગા તો તમને ઈશ્વર બનાવે છે, પણ કોઈના વ્હાલા તો તમે પોતે બની શકો છો - **ફુલછાબ**
- થાકી ને બેઠો છું, હારીને નહીં, ફક્ત બાજી ગઈ છે, જિંદગી નહીં - **બેપ્સી એન્જીનીયર**
- આજનું ઔષધ : તલના ફુલ ગોખરું અને સિંધવને કોપરેલમાં નાખી તેનો લેપ માથા પર લગાડવાથી ટાલ પડતી અટકે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

પ્રેમ અને કરુણાથી દુશ્મન ને પણ વશ કરી શકાય છે.

વર્ષો પહેલાની વાત છે. એક સાદગીપસંદ કવિને ત્યાં ચોર આવ્યો. કવિ ચૂપચાપ ચોરને ચોરી કરતાં જોઈ રહ્યો. ચોરે ચાદરમાં વસ્તુ મૂકીને પોટલું વાળવાનું શરુ કર્યું પણ પોટલું વાળી શકાતું ન હતું. ચોરની આ સમસ્યા જોઈ કવિ તેની પાસે ગયા અને કહ્યું, 'લાવો, તમને મદદ કરું ?' ચોર ગભરાઈને ભાગવા લાગ્યો. ત્યારે કવિએ તેને રોકતાં કહ્યું, ભાગતો નહીં, આમ પણ મારા ઘરમાં ઘણો વધારાનો સમાન છે, જો તમને કે કામમાં આવતો હોય તો લઈ જાઓ, હું પોલીસ ફરિયાદ નહીં કરું, 'કવિના આવા વિનયભર્યા શબ્દોથી ચોરના મનમાં ઊંડી અસર થઈ... ચોરે કહ્યું, 'હું બધું મૂકીને જાઉં છું.'' કવિએ કહ્યું, 'અરે ભાઈ, તમે આટલી મહેનતથી બધું ભેગું કર્યું છે તો હવે કેમ નહીં લઈ જાય ?' એમ કહી પોટલું ચોરના માથા પર મૂકીને વિદાય કર્યો. ચોરે ઘરે જઈને પોતાની માતાને આ વાત કરી. માતાએ કહ્યું, બેટા, તેં જેને ઘરે ચોરી કરી છે તે ઈન્સાન નહિ પણ ફરિશ્તા છે. તું આજે જ જઈ બધો સામાન પરત કરી આવ અને એમની માફી માંગી આવ.' ચોરે માતાની આજ્ઞાનું પાલન કર્યું કવિની માફી માંગી. અને કહ્યું, 'હવે હું ક્યારેય ચોરી નહીં કરું.' કવિએ તેને સામાન્ય જીવન જીવવા માટે યથા સંભવ મદદ કરી. અંતે ચોર એક સારો નાગરિક બન્યો. આ કવિ હતા કવિ બનારસીદાસ. જેમણે 'અર્ધ સ્થાનક' નામની ઉત્તમ કૃતિની રચના કરી હતી.

ટ્રાન્સપોર્ટરોની હડતાળની ગંભીર અસરો

તંત્રીસ્થાનેથી...

આખા દેશને એક સૂત્રમાં બાંધનાર રેલવે જેટલો જ મહત્ત્વનો ફાળો કાશ્મીરથી કન્યાકુમારી અને ઓખાથી આસામ વચ્ચે ધોરી માર્ગોને સતત ધમધમતા રાખતા ટ્રક ટ્રાન્સપોર્ટનો છે. જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ ઉપરાંત ધંધા રોજગારને લગતાં સાધનો દેશના ખૂણે ખૂણે પહોંચાડનારા ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ પ્રત્યે સામાન્ય રીતે બહુ જ ઓછું ધ્યાન અપાતું રહ્યું છે. ટેવાઈ ગયેલા અને હાડમારીઓ વચ્ચે પણ રસ્તો કરી લેવાની આવડત વાળા આ ટ્રાન્સપોર્ટરો ધોરીનસ જેવા છે. એમને કોઈ પણ સંજોગોમાં નારાજ રાખી શકાય નહીં. સરકાર પણ આ બાબત સમજે છે. છતાં બીજી પળોજણોમાં પરોવાયેલી હોઈ એ આ સંગઠિત અને મહદંશે મધ્યમ વર્ગના શ્રમજીવી સમાજ પ્રત્યે આપવું જોઈએ એટલું ધ્યાન નથી આપી શકી તે હકીકત છે. ટ્રાન્સપોર્ટરોને નોટબંધીથી લઈ ડીઝલના નિરંકુશ ભાવ કનડતા રહ્યા છે. એમના ઉપર રોડ ટેક્સનું ભારણ છે. સરકારી તંત્ર એમની સાથે સમ્માનપૂર્વક વર્તતું નથી. અનેક સમસ્યાઓ વારંવાર તંત્ર સમક્ષ રજૂ કર્યા છતાં નિરાકરણ નહીં થતાં એમને આ છેલ્લો ઉપાય અજમાવવો પડ્યો છે. આથી રોજનું કરોડો રૂપિયાનું નુકશાન થઈ રહ્યું છે. વેપાર ઉદ્યોગ ઠપ્પ થઈ રહ્યા છે અને ખુદ ટ્રાન્સપોર્ટના વ્યવસાયીઓને હડતાળથી અંગત નુકશાન થઈ રહ્યું છે તે વધારાનું. થોડા વધુ દિવસ હડતાળ લંબાશે તો ભારે અંધાધૂંધી સરજાવાની શક્યતા છે. માલની હેરફેર અટકી પડતાં વેપારીથી લઈ ખેડૂત સુધી અને કારખાનાના માલિકથી લઈ કામદાર સુધી એની અસરો વરતાય તે સમજી શકાય એમ છે. ટ્રાન્સપોર્ટર્સ કોંગ્રેસના નેતાઓ સાથે વેળાસર સરકારી પ્રતિનિધિઓએ ચર્ચા-વિચારણા કરી હડતાળ વહેલી તકે સમેટાઈ જાય તે સુનિશ્ચિત કરવું જોઈએ. જો કે કેન્દ્ર સરકાર આજકાલ ચોમાસું સત્રમાં એના પૂર્વ નિર્ધારિત બિલો પસાર કરાવવામાં વ્યસ્ત છે. વિપક્ષો એમના અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીની સૌથી જૂની સહયોગી પાર્ટી શિવસેના એક તરફ સત્તામાં ભાગીદારી ટકાવી રાખે છે અને બીજી તરફ પોતે ભાજપના ઓશિયાળી નહીં હોવાનાં બણગાં માર્યા કરે છે. આવા નેતાઓ જ ટ્રાન્સપોર્ટરોના આગેવાનોને પણ ચડાવતા ફરતા હશે. કોંગ્રેસમાં રાહુલ ગાંધીએ ધીરે ધીરે પકડ જમાવી છે. પરંતુ એમના નેતૃત્વનો યુપીએનાં ઘટક દળો સ્વીકાર કરશે કે કેમ તે પ્રશ્ન છે. આમ નર્યા રાજકારણના આટાપાટાની રમતમમાં પ્રજા પિસાઈ રહી છે. નેતાઓ એમના કાવાદાવામાંથી ઊંચા ન આવતા હોય ત્યારે સ્વાભાવિક છે કે નોકરશાહી બેફામ જ બની જાય. ટ્રાન્સપોર્ટરોના પ્રશ્નો આખરે તો નોકરશાહીએ ઉકેલવાના છે. પરંતુ આપણી નોકરશાહીમાં પાયાથી લઈ ટોચ સુધી જે સડો વ્યાયેલો છે તે જેન્યુઈન લાગતા પ્રજાકીય પ્રશ્નોને પણ ઉકેલવાને બદલે વધુ ગૂંચવી નાખતો રહ્યો છે. આથી જયારે લાખો ટ્રકોનાં પૈડાં થંભી ગયાં હોય અને રોજના હિસાબે અબજોનું આર્થિક નુકશાન થઈ રહ્યું હોય ત્યારે આપણા 'નીરો' બ્રાન્ડ નેતાઓ તો રોમ ભડકે બળતું હશે તો પણ ફીડલ જ વગાડતા રહેવાના ! આવી વિકટ સ્થિતિમાં જીવતા ભારતની સરેરાશ માથાદીઠ આવક જો પાડોશી, શ્રીલંકા, માલદીવ કે ભુતાનના નાગરિકોની સરખામણીએ પણ ઓછી હોય તો આ દુઃખ કોને કહીશું ?

અમેરિકન પત્રકારને બધા પ્રશ્નોના જવાબ મળી ગયા

નવાં કલેવર
નટવર હેડાઉ

આજ ગામમાં ઉત્સવ જેવું વાતાવરણ હતું. વૃદ્ધ ખેડૂત દંપતિના લગ્ન જીવનની સુવર્ણજયંતિ ઉજવાઈ રહી હતી.

દીકરા, પૌત્રી, ભાણેજ સૌથી ઘેરાયેલાં વૃદ્ધ યુગલ મંત્રોચ્ચાર દરમિયાન હળવા મિજાજમાં હંસી મજાક વચ્ચે ફરી એકવાર સપ્તપદીના ફેરા ફરી રહ્યા હતા.

શાંતિની શોધમાં ભારત આવેલ એક અમેરિકન પત્રકાર આ ઘટનાને ખુબ જ ઉત્સુકતાપૂર્વક પોતાના વીડિયો કેમેરામાં કંડારી રહ્યો હતો. પચાસ વર્ષથી આ લોકો લગ્નના બંધનથી બંધાયેલાં રહ્યા છે અને છતાં આટલાં ખુશ. તેને આ એક અજાયબી જેવું લાગતું હતું. તેને જયારે એમ ખબર પડી કે સપ્તપદીના સાતફેરાનો અર્થ સાત જનમ સુધી આ સંબંધ અતૂટ રહે તેવી કામના તેમાં સમાયેલી છે ત્યારે તો તેનો આશ્ચર્યનું ઠેકાણું જ ન રહ્યું. પીસ્તાલીસ વર્ષ ઉંમર થતાં થતાં તો તેના પોતાના ત્રણ વખત લગ્નવિચ્છેદ થઈ ચૂક્યા હતા. અને ચોથી પત્ની તેને જ મળી તેના માટે તે પાંચમો પતિ હતો. તેને સમજણ પડતી નહોતી કે તે પોતાની નસીબને ભાંડે કે તેના પર હસે.

થોડીવાર બાદ એક દુભાષિયાની મદદથી પેલા વૃદ્ધ વરરાજા સાથે અમેરિકન પત્રકારે થોડા સવાલ - જવાબ કર્યા.

'તમે તમારી પત્નીને અત્યાર સુધીમાં કેટલીવાર 'આઈ લવ યુ' કહેલું.'

'તમે શું કહેવા માંગો છો, હું કંઈ સમજ્યો નહીં. વૃદ્ધ વરરાજાએ પૂછ્યું.'

'મારું કહેવું એમ છે તે તમે' તમારી પત્નીને અત્યાર સુધીમાં કેટલીવાર એમ કહ્યું કે હું તને પ્રેમ કરું છું.'

આ વખતે વૃદ્ધ ખરેખર નવા વરરાજાની જેમ શરમાઈ ગયો. પછી જરા સંકોચ સાથે કહ્યું, 'એકેય વાર નહીં.'

'તો પછી તમારું લગ્નજીવન આટલું લાંબુ ટક્યું કઈ રીતે ?' તેણે આશ્ચર્યથી પ્રશ્ન કર્યો.

'બસ મને એટલી ખબર છે તે ચૌદ વર્ષની હતી ત્યારથી મારું ઘર - કુટુંબ અને વહેવારો બધું તેણે સારી રીતે સાચવ્યું છે.' વૃદ્ધ ખેડૂતે કહ્યું.

'તમારા જીવનની કોઈ યાદગાર પળો વિષે કંઈ કહેશો ?' અમેરિકન પત્રકારે પ્રશ્ન કર્યો.

'હાં... હા... આજ સુધી રોજ તે મારા માટે ખેતરમાં ભાત (ભોજન) લઈને આવે છે. અને આંબાના ઝાડની શિતળ છાયામાં પોતાના હાથે મને પ્રેમપૂર્વક ખવડાવી પછી એ ખાય છે ત્યારે અમે સાથે બેસીને તડકા-છાયડાં, વાદળ - વરસાદ અને સુખ-દુઃખની વાતો કરીએ છીએ. બસ એટલી મને ખબર છે.' તેણે વહુરાણીના વેશમાં ઊભેલ પોતાની પત્ની તરફ ગર્વથી જોઈને કહ્યું.

અમેરિકન પત્રકાર માટે જાણવા જેવું હવે કંઈ બાકી રહ્યું ન હતું. તેને પોતાના બધા પ્રશ્નોના જવાબ મળી ગયા હતા.

સ્મિત વીલાયું ને બે દસકાનો ભૂતકાળ પજવી રહ્યો

પચાસ વર્ષનાં સ્મિતાબેનના ચહેરા ઉપર એકાદ-બે વિષાદરેખા હતી, એ સિવાય એમના સૌંદર્યને ક્યાંય કાટ લાગ્યો નહોતો. શરીરનો બાંધો સપ્રમાણ. કલર્ડ, સ્ટેટનિંગ હેરસ્ટાઈલ પણ નિરાળી. કપાળે ગોળ મોટો કાળો ચાંદલો. ચિલી રેડ લિપસ્ટિકની શાઈનિંગ અને સધર્ન સ્ટાઈલની સાડી. કાનની બૂટમાં ઝગારા મારતા ડાયમન્ડ ઈયરિંગ્સ. ગળામાં ગૉલ્ડન નૅકલેસ અને બેઉ કાંડે સોનાની ચાર ચાર બંગડીઓ. સ્મિતાબેનના વ્યક્તિત્વનો અલગ જ ઠસ્સો અને નોખો રુઆબ.

પચાસ વર્ષનાં સ્મિતાબેન એંસી વર્ષના પતિ રમુજીલાલ સામે

> **"અમારા જીવનમાં એક આંધી આવી અને બધું વેરવિખેર થઈ ગયું. અમેરિકામાં એમના ફેમિલી સુધી અમારી વાતો પહોંચી હતી. એક દિવસ તેમનો દીકરો ઈન્ડિયા આવ્યો અને તેના પપ્પાને લઈને જતો રહ્યો. અમેરિકા જતા પહેલા રમુજીલાલે પોતાના ફ્લેટમાંથી જ નહિ, એમની લાઈફમાંથી પણ મને બેદખલ કરી હતી."**

ભરણપોષણ અને માલ-મિલકતમાં અડધા ભાગ માટે અદાલતી જંગ ખેલી રહ્યાં છે. ફેમિલી કૉર્ટની વેઈટિંગ લાઉન્જમાં બેઠેલાં સ્મિતાબેનના ચહેરા ઉપરનો જુસ્સો યોદ્ધા બાઈથી જરાય કમ નથી. નામ ભલે સ્મિતાબેન રહ્યું, તેમના ચહેરા ઉપરથી સ્મિત વિલાઈ ગયું છે. ન ભૂલી શકાય એવા જીવનના બે દસકાનો ભૂતકાળ જાણે તેમને પજવી રહ્યો છે.

સ્મિતાબેન કહે છે: "એ વખતે મારી ઉંમર ૩૦ વર્ષની હતી. મારો પહેલો પતિ હિતેશ દેવજીભાઈ ઠક્કર. તેની સાથે મારાં લગ્ન થયાં ત્યારે હું વીસ વર્ષની હતી. દસ વર્ષની મેરેજલાઈફ બાદ કંટાળીને મેં તેની પાસેથી ડિવૉર્સ લીધાં. મારા પપ્પા લક્ષ્મીનારાયણ શ્રોફ (ઠક્કર)એ તો મને સારું ઘર અને સારો વર જોઈનેજ પરણાવી હતી. મારે કોઈ ભાઈ-બહેન નહોતાં અને મા તો મને નાનપણમાં જ મૂકીને દેવ થઈ ગઈ હતી. એક તો મારે પહેલા પતિથી દસ વર્ષની મેરેજલાઈફ પછી પણ સંતાન થયું નહિ અને બીજું કારણ તો એ કે મારા લાલચુ પતિની નજર મારા પપ્પાની બધી મિલકત ઉપર જ હતી."

વાતને આગળ વધારતાં તેઓ કહે છે કે "પહેલો પતિ જાતજાતની માગણીઓ કરી કરીને મને પોતાના ઘરમાંથી કાઢી મૂકતો. કંટાળીને મેં ડિવૉર્સ લઈ લીધાં અને પપ્પાની સાથે રહેવા લાગી. નસીબનું ચક્કર એવું ફર્યું કે પપ્પાની ધંધાની ઉધરાણી તો ન આવી પણ અમારે કરજનો ભાર ઉતારવા માટે આલિશાન બંગલૉ અને કાર વગેરે વેચીને ભાડાના મકાનમાં ટ્રાન્સફર થવું પડ્યું. મારા પપ્પા મારી ડિસ્ટર્બ લાઈફ અને ઈકૉનોમિકલ ક્રાઈસિસના આઘાતમાં જીવ્યે જતા હતા. મેં હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટની ચીજવસ્તુઓ વેચવાનો બિઝનેસ સ્ટાર્ટ કર્યો હતો. આમ ઘરની ગાડી ચાલતી હતી."

સ્મિતાબેન કહે છે: "મારી લાઈફની સેકન્ડ ઈનિંગ અને ર્ટનિંગ પૉઈન્ટની પણ વાત કરું. મારા પપ્પાના હમઉમ્ર ફ્રેન્ડ રમુજીલાલ પપ્પાને મળવા અવારનવાર અમારા ઘરે આવતા. આથી મારા પપ્પાને પણ સારું લાગતું. મારા અને પપ્પાના ના પાડવા છતા તેઓ મદદ કરતા રહેતા. સમય જતા મારા પપ્પા પાંસઠ વર્ષની ઉંમરે ગુજરી ગયા. મારાથી ત્રીસ વર્ષ મોટા રમુજીલાલ અને હું નજીક આવતા ગયા. જીવનમાં આવેલો ખાલીપો કદાચ સમય જ ભરી શકે. ભલે તેઓ મારા પપ્પાની ઉંમરના હતા, તેમ છતા ભાડાના મકાનમાં તેમની આવનજાવન લોકોની ચર્ચાનો વિષય પણ બની હતી."

તેઓ બોલતાં જાય છે: " પહેલા લગ્નવિચ્છેદ પછી પાંચેક વર્ષ પપ્પા જીવ્યા અને એમની સાથે હું રહી. પાંચઠ વર્ષના રમુજીલાલનો પરિવાર મોટો છતા તેઓ એકલા. અમે બેઉ એકલા એટલે અમારી વચ્ચે લાગણીના તાર રણઝણ્યા. તેમની એક દીકરી અને ત્રણ દીકરા મળીને ચારેય સંતાનો અમેરિકા સેટ થયા હોવાથી તેમનાં પત્ની કાન્તાબેન પણ સંતાનો સાથે અમેરિકા જ રહેતાં હતાં. આમ ડિવૉર્સ વિના પણ રમુજીલાલ ડિવૉર્સી જેવા જ હતા. તેઓ મને ઈકૉમોમિકલ હેલ્પ કરતા અને મારી બધી જરુરીયાતો પુરી કરતા, તો હું પણ તેમને શક્ય એટલી લાગણી અને હૂંફ આપતી. પપ્પાના નિધન પછી તેમણે મને પોતાના ફ્લેટમાં સાથે રહેવા જ બોલાવી લીધી હતી. કાગડા તો બધે કાળા જ હોય. જેમ મારા ભાડાના મકાનમાં પાડોશીઓની ચર્ચા થતી હતી, એમ જ રમુજીલાલના પાડોશીઓમાં પણ અમારા સંબંધને લઈને ચર્ચાઓ થવા લાગી હતી. આમ જુઓ તો અમારો કજોડાનો વેશ જ હતો. તેઓ મારા બાપની ઉંમરના અને હું એમનાથી ત્રીસ વર્ષ નાની. તેઓનો દેખાવ પણ કંઈ સારો નહોતો. દેખાવે શ્યામ, ભારે શરીર, માથે ટાલ અને ફાંદવાળું પેટ. એક દિવસ તેમણે મને સામેથી કહ્યું કે ચાલ, સ્મિતા, આપણે પરણી જઈએ અને તો જ પાડોશીઓની કુથલી બંધ થશે. મેં મેરેજ કરીને નવી જગ્યાએ રહેવા જવા સૂચન કર્યું હતું."

ગુલમહોર
દિનેશ દેસાઈ

સ્મિતાબેન કહે છે: "અમે કૉર્ટમાં રજિસ્ટર્ડ મેરેજ કર્યાં એ પહેલા તેમણે લીગલી ડિવૉર્સ લઈ લીધા હતા. એ વખતે હું ચાળીસ વર્ષની અને તેઓ સિત્તેર વર્ષના. તેમણે નવા એરિયામાં નવો ફ્લેટ લીધો હતો ત્યાં અમે લાઈફની નવી ઈનિંગ સ્ટાર્ટ કરી. નવી જગ્યાએ પાડોશીઓએ અમારી વચ્ચેના એજ-ડિફરન્સની નોંધ લીધી ના લીધી અને લાઈફ સેટ થતી ગઈ. દીકરીની ઉંમરની સ્ત્રી કોઈની વાઈફ હોઈ શકે છે, શું ફરક પડે છે?"

તેમની આંખોના ખૂણા ભીનાશ સાચવી બેઠા: "અમારા જીવનમાં એક આંધી આવી અને બધું વેરવિખેર થઈ ગયું. અમેરિકામાં એમના ફેમિલી સુધી અમારી વાતો પહોંચી હતી. એક દિવસ તેમનો દીકરો ઈન્ડિયા આવ્યો અને તેના પપ્પાને લઈને જતો રહ્યો. અમેરિકા જતા પહેલા રમુજીલાલે પોતાના ફ્લેટમાંથી જ નહિ, એમની લાઈફમાંથી પણ મને બેદખલ કરી હતી. મને મારઝુડ કરીને હડધૂત પણ કરી હતી."

"પણ તેણે તો લીગલ ડિવૉર્સ લઈને તમારી સાથે લીગલી કૉર્ટ મેરેજ કર્યા હતા ને?" એવા એક સવાલના જવાબમાં સ્મિતાબેન છેડાઈ પડે છે: "ના, એ તો તેમણે કપટ કરીને બધા જ ડૉક્યુમેન્ટ્સ ફેક બનાવ્યા હતા. મારી સાથે બનાવટ થઈ હતી. તેમણે સાવ છેતરપિંડી જ કરી હતી. મેં તેની વિરુદ્ધ બધા જ ફેક ડૉક્યુમેન્ટ ફેમિલી કૉર્ટમાં એવિડન્સ સ્વરુપે સબમિટ પણ કર્યા જ છે. તેમની આર્ગ્યુમેન્ટ એવી છે કે મેં ખુદ આ ફેક ડૉક્યુમેન્ટસ્ તેમની મિલકત પડાવી લેવા બનાવડાવ્યા છે. ભગવાન જાણે, શું થશે?"

ફરી એકવાર ભાડાના મકાનમાં પાછલી જિંદગી શરુ કરનાર સ્મિતાબેનના ચહેરા ઉપર વિષાદ છે: "હવે આ ઉંમરે હું ક્યાં જાઉં? બીજા પતિની સેવાચાકરીમાં પુરી જવાની ખર્ચી નાખી, તેનો તેમણે આવો બદલો આપ્યો છે. હું હાર માનવાની નથી, હું છેવટ સુધી લડી લઈશ."

સંબંધોને સંકોરી લઈને શેષ જીવન વ્યતિત કરવાની મથામણ અને મનોવેદના

(ગતાંકથી ચાલુ)

વ્યક્તિ જ્યારે પોતાના જીવનમાં કેટલીક સિધ્ધિઓ, કેટલીક સફળતાઓ હાંસલ કરે છે અને પોતાના સંબંધોના વર્તુળમાં પોતે વધારે ઊંચાઈઓ પ્રાપ્ત કરે છે ત્યારે તેને પોતાના જ વર્તુળમાંથી ઈર્ષાભાવને કારણે કેટલાક પ્રકારની હેરાનગતી થવા લાગે છે. એ ઈર્ષાભાવ જ્યારે ચરમસીમાએ પહોંચે છે ત્યારે પોતાના જ સંબંધીઓ તરફથી દગાખોરી, કિન્નાખોરી કે દુશ્મનાવટનો ભોગ બનવું પડે છે. પોતાના સંબંધીઓ તરફથી જ આવું વર્તન થાય છે ત્યારે વ્યક્તિના હૃદયને ચોટ પહોંચે છે અને તેને પોતાના સંબંધો અને સંબંધીઓ ઉપરથી વિશ્વાસ ઉઠી જાય છે. જે સંબંધીઓ તેની સાથે આ પ્રકારનું વર્તન કરે છે તે સંબંધો પ્રત્યે તેને નફરત થવા લાગે છે. સુધી જે સંબંધો અને સંબંધીઓ વ્યક્તિને મીઠા મધ જેવા લાગતાં હોય એ જ સંબંધો અને સંબંધીઓ કડવા ઝેર જેવા લાગવા લાગે છે. છેવટે હારીને, થાકીને એ સંબંધોથી છૂટવા માટે, એ સંબંધીઓથી દૂર રહેવા માટે ઊંડા મનોમથન પછી વ્યક્તિ અલિપ્ત જીવન જીવવાના વિકલ્પની પસંદગી કરે છે. ક્યારેક એવું પણ બને છે કે વ્યક્તિ અલિપ્ત જીવન જીવવાનું શરૂ કરે પછી પણ તેના સંબંધીઓ અને સંબંધો તેનો પીછો છોડતા નથી. આવું થાય છે ત્યારે અલિપ્ત જીવન જીવવાના પોતાના હેતુઓ સિધ્ધ થતાં નથી અને વ્યક્તિ વધારે દુખી થાય છે.

વ્યક્તિને ક્યારેક જીવનમાં મોટું આર્થિક નૂકશાન ભોગવવું પડે છે, પોતાના જીવનમાં ક્યારેક કોઈ એવી મોટી ઘટના ઘટે કે સમાજમાં પોતાની માનહાનિ થાય અને પોતાની આબરૂના કાંકરા થઈ જાય. ક્યારેક વ્યક્તિના પોતાના કોઈ પ્રિયજન કે આપ્તજનનું અચાનક મૃત્યુ થાય અને પોતે બધુ જ ગુમાવી દીધું હોય એવી લાગણી થાય. આ પ્રકારના સંજોગોમાં વ્યક્તિને એવી લાગણી થાય છે કે પોતે પોતાની જીંદગીની મોટી બાજી હારી ગઈ છે. પોતાને થયેલું આર્થિક, સામાજિક કે અંતરંગ નુકશાન ભરપાઈ થઈ શકે એમ નથી, આ સંજોગોમાં વ્યક્તિ નિરાશાની ઊંડી ખાઈમાં ધકેલાઇ જાય છે, વ્યક્તિ નિરુત્સાહી બની જાય છે. વ્યક્તિને ચારે તરફથી હતાશા ઘેરી વળે છે અને વ્યક્તિ પોતાનો આત્મવિશ્વાસ સંપૂર્ણ રીતે ગુમાવી બેસે છે, વ્યક્તિનો સ્વાભિમાનનો (self esteem) આંક એકદમ નીચો ઉતારી આવે છે. આ સંજોગોમાં વ્યક્તિને પોતાને એવું લાગે છે કે હવે પોતાના સંબંધોનું કોઈ જ મૂલ્ય નથી, પોતાના જીવનનું કોઈ મૂલ્ય નથી અને પોતાના ખુદના જીવનમાં પોતાનું કોઈ મૂલ્ય નથી. આ પ્રકારની પરિસ્થિતિમાં વ્યક્તિ પાસે બે જ વિકલ્પો બચે છે. એક, પોતાના જીવનનો અંત લાવવો અને બીજો વિકલ્પ, પોતાના તમામ સંબંધોથી દૂર જઈને અલિપ્ત રીતે જીવન વિતાવવું.

કેટલીક વ્યક્તિઓ જીવનભર પોતાના સંબંધો માટે નિઃસ્વાર્થપણે આર્થિક, શારીરિક અને માનસિક રીતે ઘસાતી રહેતી હોય છે. પોતાના આપ્તજનો, મિત્રો અને સંબંધીઓ માટે પોતાનું જીવન ન્યોછાવર કરી દીધું હોય છે. આમ છતાં, વ્યક્તિને એ લોકો તરફથી જિંદગીભર કોઈ જ પ્રકારના સકારાત્મક પ્રતિભાવો નથી મળતાં. ઊલટાનું, વ્યક્તિને ઘણીવાર તેઓની સ્વાર્થવૃતિનો ભોગ બનવું પડે છે. આવું વારંવાર બને છે ત્યારે વ્યક્તિને એવી લાગણી થાય છે કે "હવે આ બધા જ સંબંધોથી છૂટકારો મેળવી લેવો જોઈએ જેથી કરીને દેખવું પણ નહીં અને દાઝવું પણ નહીં". વ્યક્તિની આ પ્રકારની લાગણી જ્યારે તીવ્ર બને છે ત્યારે તેની લાગણીઓ તેને અલિપ્ત જીવન તરફ દોરી જાય છે.

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

ક્યારેક વ્યક્તિ કોઈ ભયંકર બિમારીમાં સપડાઇ જાય છે. તેને એ બિમારી અસાધ્ય અને અસહ્ય લાગે છે ત્યારે વ્યક્તિ અલિપ્ત જીવન જીવવાનું વિચારવા લાગે છે. વ્યક્તિ કોઈ અકસ્માતનો ભોગ બનવાને કારણે કાયમ માટે અપાહિજ કે અપંગ બની જાય છે ત્યારે પણ તે પોતાના દુન્યવી સંબંધોથી દૂર જઈને અલિપ્ત જીવન જીવવાનો રાહ અપનાવે છે. કોઈ મોટી બીમારી કે અકસ્માતને કારણે શરીર કૃશ બની જાય, પોતાની બધા જ પ્રકારની સુંદરતા હણાઈ જાય, વૃધ્ધત્વને કારણે ચહેરો કદરૂપો બની જાય, એવા સંજોગોમાં વ્યક્તિ જાહેરમાં પોતાનું શરીર કે ચહેરો બતાવવા માટે પણ શરમ અને સંકોચ અનુભવે છે. જે વ્યક્તિએ જીવનભર સુંદરતભર્યું અને જાજરમાન વ્યક્તિત્વ ભોગવ્યું હોય અને કોઈપણ કારણસર સુંદરતા કે જાજરમાન વ્યક્તિત્વ નિસ્તેજ બની જાય છે ત્યારે પણ વ્યક્તિ સમાજ સામે ઉપસ્થિત રહેવામાં શરમ અને સંકોચ અનુભવે છે. આવું થાય છે ત્યારે વ્યક્તિને પોતાની જાત સામે જ ચીડ ચડે છે. પોતાની જાત પ્રત્યે ગુસ્સો આવે છે, પોતાની જાત પ્રત્યે નફરત પેદા થાય છે. આ સંજોગોમાં વ્યક્તિને એવું લાગે છે કે લોકો પોતાના નિઃસ્તેજ અને કૃશ થઈ ગયેલા વ્યક્તિત્વને ધિક્કારશે, પોતાની લોકો મજાક ઉડાવશે, પોતાની મશ્કરી કરશે, પોતાની માનહાનિ થશે અને પોતાને કોઈ પ્રેમ નહીં કરે. આમ વ્યક્તિ લઘુતાગ્રંથિથી પીડવા લાગે છે પરિણામે વ્યક્તિ પોતાની જાતને પણ ધિક્કારવા લાગે છે.

આ પ્રકારની લાગણીઓ જ્યારે એકદમ ઘેરી બને છે ત્યારે વ્યક્તિ અલિપ્તતાના ઘોર અંધકારમાં પોતાનું શેષ જીવન વિતાવવાનો કઠોર નિર્ણય કરે છે અને શેષ જીવના એકલતમાં જ ગુજારે છે. આ સમયે પોતાના સ્નેહી – સંબંધીઓ તેના માટે બધુ જ કરવા માટે તત્પરતા દાખવે છે, સંબંધો નિભાવવા માટે પ્રયત્નો કરે છે પણ અલિપ્ત જીવન જીવવાનું નક્કી કર્યા પછી પોતાના કોઈ સંબંધીઓને વ્યક્તિ સકારાત્મક પ્રતિભાવ નથી આપતી અને પોતાના જ એક અલિપ્ત વિશ્વમાં જિંદગી ગુજારી લે છે.

(ક્રમશઃ)